Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહો, અસંખ્યપ્રદેશી અવયવવાળું કેવળજ્ઞાન જ જેનો દેહ છે, માત્ર જ્ઞાન જ જેનું સ્વરૂપ છે—એવા આત્મામાં કાળો–ધોળો રંગ કેવો? કે જાડું–પાતળું શરીર કેવું? શરીરને એકક્ષણ પણ તું તારામાં ન ચિંતવ; જ્ઞાનાનંદે ભરપૂર ભગવાન તું છો, એવા સ્વરૂપે તું તને સદા ધાર, એટલે કે શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં લે.

* જે જ્ઞાન છે તે હું છું.
* જે આનંદ છે તે હું છું.
* પણ જે શરીર છે તે હું–એમ નથી.

કેવળ જ્ઞપ્તિસ્વરૂપ હું છું–એવા અનુભવમાં વિકાર પણ ક્યાં આવ્યો? કેવળ જ્ઞપ્તિ એટલે એકલું વીતરાગી જ્ઞાન–એવા શુદ્ધ આત્મસ્વરૂપમાં જ્યાં વિકારનોય અવકાશ નથી ત્યાં શરીર કેવું? આવા અશરીરી આત્માનું ચિંતન અતીન્દ્રિય જ્ઞાનવડે થાય છે. જ્ઞાનના ઉપયોગને અંતરમાં વાળીને ધર્મી પોતાને આવો (કેવળજ્ઞાનસ્વરૂપ) અનુભવે છે. "સર્વ જીવ છે સિદ્ધ સમ" અને "સિદ્ધસમાન સદા પદ મેરો" એવી પ્રતીતમાં દેહ સાથે એકત્વબુદ્ધિ રહી શકે નહીં, એટલે દેહસંબંધી વિષયોમાં સુખબુદ્ધિ પણ રહે જ નહિ. આવા ભેદજ્ઞાનવડે આત્માને ઓળખવો તે સાદિ–અનંત સમાધિસુખરૂપ મોક્ષનું કારણ છે, એ વાત હવેની ગાથામાં કહેશે. (૭૦)

---

## મોક્ષનો એકાંત નિયમ : ચિત્તની ચેતનમાં અચલતા

ભેદવિજ્ઞાનવડે આત્માને સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન જાણીને તેમાં જે એકાગ્રતા કરે છે તેને નિયમથી મુક્તિ થાય છે, અને તેમાં જે એકાગ્રતા નથી કરતો તેને મુક્તિ થતી જ નથી–એમ હવે કહે છે—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

